# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૨ પરીણામ""

## "Primary-Secondary education Scholarship Exam-2022 Result"

ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.શિ.પ-૨૦૨૨/ પરિણામ/૨૦૨૩/૩૦૨૭-૩૪૦૬ તા.૧૫/03/૨૦૨૩

વંચાણે લીધા :

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૪/૮/૨૦૧૭
2. જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૨/૬૭૧૬-૬૮૦૨, તા.૧૭/૦૮/૨૦૨૨

આમુખ-૨ માં દર્શાવેલ રાજ્ય પરીક્ષા બોર્ડના ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૨/૬૭૧૬-૬૮૦૨, તા.૧૭/૦૮/૨૦૨૨ થી પ્રસિદ્ધ થયેલ જાહેરનામા અન્વયે પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૨, તા:૨૨/૦૧/૨૦૨૩ ના રોજ લેવામાં આવી હતી.

આ પરીક્ષાનું પરીણામ www.sebexam.org પર જાહેર કરવામાં આવે છે.

❖ ક્વૉલીફાઇગ ગુણ તથા મેરીટ યાદી તૈયાર કરવા અંગેના નિયમો:

- સંબંધિત પરીક્ષાના બંન્ને વિભાગમાં લઘુત્તમ ગુણ ૩૫% ગુણ ક્વોલીફાઇંગ ગુણ તરીકે ગણવામાં આવે છે.

| SN | Exam Name | PART-1 (100 MARKS) | PART-2 (100 MARKS) |
|---|---|---|---|
| 1 | PSE | 35 MARKS | 35 MARKS |
| 2 | SSE | 35 MARKS | 35 MARKS |

- સંબંધિત પરીક્ષાના બંન્ને વિભાગમાં લઘુત્તમ ક્વોલીફાઇંગ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી ક્વોટા અનુસારની સંખ્યા મુજબ મહત્તમ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનો જ મેરીટમાં યાદીમાં સમાવેશ કરવામાં આવે છે.
- સંબંધિત પરીક્ષાના બંન્ને વિભાગમાં લઘુત્તમ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના બંન્ને વિભાગના ગુણના સરવાળાને કુલ ગુણ ગણી, તે મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે.
- સંબંધિત પરીક્ષામાં તાલુકાવાર નિયત થયેલ ક્વોટામાં છેલ્લી જગ્યા માટે એક સરખા ગુણ ધરાવતા હોય તેવા એક કરતા વધુ વિદ્યાર્થીઓ હોય તો ક્વોટાની જગ્યા ઉંમરમાં મોટા હોય તે વિદ્યાર્થીને ફાળવવામાં આવે છે.
- વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું ગુણપત્રક વેબસાઇટ પર આપેલ **"Result"** ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- નિયત .ક્વોટામાં જોગવાઇઓ મુજબ પત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર થશે. નિયત ક્વોટામાં સમાવેશ થવા પાત્ર કટ ઓફ માર્કસની વિગતો ૭ દિવસ બાદ વેબસાઇટ ઉપરથી જાણી શકાશે. તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ અત્રેથી દરેક જિલ્લાના તમામ તાલુકા બી.આર.સી. મારફતે મોકલવામાં આવશે.

- મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓની યાદી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે શિષ્યવૃત્તિની ચૂકવણી કરવામાં આવશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૧૫/03/૨૦૨૩

❖ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

❖ **નકલ સવિનય રવાના જાણ સારૂ**

❖ માન.શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ કક્ષા)ના અંગત મદદનીશશ્રી શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.
❖ માન.શિક્ષણમંત્રીશ્રી(રાજય કક્ષા)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.
❖ માન.સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
❖ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
❖ માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી,ગાંધીનગર
❖ માન.નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
❖ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:-૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
❖ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર
❖ જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.